**અમદાવાદ (ગ્રામ્ય) ના બીજા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) ની કોર્ટમાં, મુ. મીરઝાપુર, અમદાવાદ**

---

**ફોજદારી કેસ નં.૬૭૮૧/૨૦૧૯**
**આંકઃ**

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપીઓઃ
૧. ઈમરાન કૈયુબભાઈ મોહમંદ ચૌધરી.
૨. સલીમભાઈ ગુલામરસુલ નુરમોહમંદ શેખ
૩. સરીફખાન ઉર્ફે આરીફ અસ્લમખાન પઠાણ
૪. ઐયુબખાન જુમાખાન શેરખાન

**ગુન્હોઃ જુગાર ધારા ની કલમ-૧૨ A મુજબ**

## :: ચુકાદો ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે તા: ૭/૩/૧૯ ના રોજ આરોપીઓ એ ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ગુન્હાની ફરિયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં જુગાર ધારા ની કલમ-૧૨ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીઓ ને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીઓ એ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ અને પ્લી આપેલ છે જેમાં પણ આરોપીઓ એ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીઓ એ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીઓ ની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીઓ ને ઉપરોકત શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્સિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીઓ એ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઇ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીઓ એ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીઓ નો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીઓ એ કરેલ પશ્ચાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીઓ એ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની

ખાતરી આપતા હોવાથી આરોપીઓ ને સુધરવાની તક આપવી જોઇએ. આવા સંજોગોમાં આરોપીઓ ની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઇ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતા, આરોપીઓ ની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયનાં હીતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**<u>હુકમ</u>**

દરેક આરોપીઓ ને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓ ને રૂ. ૫૦૦/– (રૂપિયા પાંચસો રૂપીયા પુરા) આરોપી દીઠ નો દંડ કરવામાં આવે છે.

જો આરોપીઓ દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદ્દામાલનો અપીલ સમય નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓ ના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૦૮મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૦ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૦૮/૦૨/૨૦૨૦

બીજા એડી. જ્યુડી. મેજી. ફ.ક.
અમદાવાદ (રુરલ) અમદાવાદ